**પૂર્વછાયો**- **વળી** પરચા વર્ણવી, કહું કાનમ દેશના કાંય ।
ધન્યધન્ય એહ ભક્તને, જેની શ્રીહરિએ કરી સાય ॥૧॥
એક ઉતરાદ ગામમાં, કહીએ કણબી સાકર બાઈ ।
હરિજન અતિહેત હૈયે, પ્રીત્ય ઘણી પ્રભુમાંઈ ॥૨॥
તેના દેહનો આવિયો, વળી અવધિ પોત્યે અંત ।
ચ્યાર દિવસ મોરથી, આવ્યા પોત્યે ભગવંત ॥૩॥
આવી કહ્યું એહ બાઈને, તું કર હરિનું ભજન ।
આજથકી દન ચારમાં, છુટશે તારું તન ॥૪॥

**ચોપાઇ**- પછી માની વાલાનું વચન, બાઇ બેઠી કરવા ભજન ।
સમરે સ્વામીને શ્વાસઉશ્વાસ, થઈ જકતસુખથી ઉદાસ ॥૫॥
એમ કરતાં વીત્યા દન ચાર, આવ્યા તેડવા પ્રાણ આધાર ।
એની ભત્રિજી નામ કેશર, આવ્યા ઘનશ્યામ તેને ઘેર ॥૬॥
આવ્યા પોત્યે પ્રકટપ્રમાણ, સુખસાગર શ્યામ સુજાણ ।
દિધાં બહુ જનને દર્શન, નિર્ખિ બાઈ થઈ છે મગન ॥૭॥
કહે ધન્યધન્ય મારા નાથ, આજ અમને કર્યાં સનાથ ।
ઘણે દાડે પધાર્યા છો ઘેર, મુજ રંકપર કરી મહેર ॥૮॥
એમ કહીને આપ્યાં આસન, કર્યાં ભાત્ય ભાત્યનાં ભોજન ।
પછી નાથ જમ્યા તેને ઘેર, કરી મનમોહનજીએ મહેર ॥૯॥
જમી ઉઠ્યા આપ્યો મુખવાસ, પછી હાથ જોડી કહે દાસ ।
આજ આવ્યાનું કારણ કહીયે, સુણિ બોલ્યા સ્વામીજી તૈયે ॥૧૦॥
તારી કાકી સાકરબાઇ નામે, તેને તેડી જાશું નિજધામે ।
આવ્યા એ સારુ બેસીને વાજી, તેડી જાતાં તું રાજી કુરાજી ॥૧૧॥
ત્યારે બોલી છે કેશરબાઇ, એહ જીવની ધન્ય કમાઈ ।
જેને તેડવા આવ્યા છો તમે, શિદને કુરાજી થાયે અમે ॥૧૨॥
એવું સાંભળી બોલ્યા મહારાજ, નહિ તેડી જાઈએ એને આજ ।
પણ ચાર દન મોર આવી, એને તેડ્યાનું ગ્યાતા ઠરાવી ॥૧૩॥
તેને કહેજયે તું જઈ વચન, કૈયે નહિ છુટે તારું તન ।

એમ કહી પધાર્યા મહારાજ, કરી અલૌકિ એટલું કાજ ॥૧૪॥
**વળી** વાત કહું એક સારી, હરિજન લેજ્યો હૈયે ધારી ।
કાનમ દેશમાં કેલોદ ગામ, તિયાં શેખ વલીભાઈ નામ ॥૧૫॥
સાચા સંતની વાત સાંભળી, ગઈ અસત્ય આસતા ટળી ।
સાચા જાણ્યા સદ્‌ગુરુ સ્વામી, બીજા જણાણા ખરા હરામી ॥૧૬॥
પીર ફકીર મલાં મલંગ, તેને તજી કર્યો સતસંગ ।
પછી સહુએ કર્યો એ વિચાર, કર્યા વલીભાઈ નાત્યબાર ॥૧૭॥
તેને વીતિગયાં વર્ષ ચાર, નહિ વલીને સંશય લગાર ।
ભલો ભક્ત જક્ત નહીં જેને, સ્વામી વિના માને નહિ કેને ॥૧૮॥
ભજે પ્રભુ પ્રકટ પ્રમાણ, સહુ ઉપર રહી સુજાણ ।
એમ કરતાં હરિભજન, તેને વીતિ ગયા બહુ દન ॥૧૯॥
પહોંતિ અવધિ દેહની જ્યારે, આવ્યા તેડવા મહારાજ ત્યારે ।
લાવ્યા રથ વેલ્ય ને વિમાન, આપે અશ્વે બેસી ભગવાન ॥૨૦॥
આવી વાડીમાં ઉતર્યા નાથ, બહુ સખા છે પોતાને સાથ ।
દિઠું વાડીવાળે તે પ્રસિદ્ધ, રથવેલ્ય વિમાન બહુવિદ્ધ ॥૨૧॥
ઘણાં ઘોડાં બળદ અપાર, બોલ્યો રખવાળો તેહ વાર ।
મારી ખેતી આ જાશે ખવાઈ, અમારે છે આટલી જીવાઈ ॥૨૨॥
ત્યારે બોલિયા દીનદયાળ, ચિંતા મ કર તું રખવાળ ।
આ બળદ ને ઘોડાં અમારાં, તારી ખેતિનાં નહિ ખાનારાં ॥૨૩॥
અમે આવ્યા છીએ આંહિ આજ, વલીભાઈને તેડવા કાજ ।
એમ એને કહી અવિનાશ, પછી આવ્યા વલીભાઈ પાસ ॥૨૪॥
થયાં વલીભાઈને દર્શન, લાગ્યો પાય કહે ધન્યધન્ય ।
મારે હતો ભરુંસો તમારો, જાણું જરૂર નહિ વિસારો ॥૨૫॥
ત્યારે નાથ કહે અમે આજ, આવ્યા તમને તેડવા કાજ ।
એવું સુણ્યું વાલાનું વચન, ચાલ્યા વલીભાઈ તજી તન ॥૨૬॥
દિઠા સતસંગી કુસંગી સહુએ, માન્યું આશ્ચર્ય મનમાં બહુએ ।
કહે ધન્ય ધન્ય સતસંગ, જીતી ગયા વલીભાઈ જંગ ॥૨૭॥

થયો પરચો પ્રગટ પ્રમાણ, નહિ માને મૂરખ અજાણ ।
એમ કહી રહ્યાં નરનારી, જોઈ સામર્થી સ્વામીની ભારી ॥૨૮॥
**વળી** સુરત શહેરની વાત, કહું સહુ સાંભળો વિખ્યાત ।
તિયાં રહે બહુ હરિજન, કરે સ્વામી શ્રીજીનું ભજન ॥૨૯॥
પૂરે પરચા નિત્ય પ્રત્યે નાથ, તેણે મગન રહે સહુ સાથ ।
એવું સમજે નહિ કોઈ જન, પ્રભુ આવ્યા વિના છુટે તન ॥૩૦॥
રથ વેલ્ય વાજી ને વિમાન, લાવે અંત સમે ભગવાન ।
આવે તેડવા જનને નાથ, માગી શિખ જાય હરિ સાથ ॥૩૧॥
એવો સહુને મને વિશ્વાસ, તન તજી જાશું પ્રભુ પાસ ।
**પણ** એક વાત છે નવીન, કહું સાંભળો જન પ્રવિન ॥૩૨॥
એક પારશી અરદેશરજી, તેને સતસંગની રીત્ય રજી ।
સાચા જાણ્યા સહજાનંદ સ્વામી, બીજા જણાણા લોભી હરામી ॥૩૩॥
જોયા જોગી જંગમ સન્યાસી, તપી ત્યાગી વૈરાગી ઉદાસી ।
પીર ફકીર મલાં મલંગી, દીઠા શેખ ભેખ બહુરંગી ॥૩૪॥
કણ વણ રહ્યા કુકશા ગ્રહિ, એવા દીઠા જગતમાં કહિ ।
જોઈ લીધું સર્વનું તે સાર, જાણ્યા ભૂલેલ ભૂમિનો ભાર ॥૩૫॥
જ્યારે સાંભળી સ્વામીની વાત, ત્યારે મનમાં પામ્યો નિરાંત ।
પછી અતિશે વિશ્વાસ આવ્યો, તેડી સ્વામીને શહેરમાં લાવ્યો ॥૩૬॥
અતિ આદરે પધરાવ્યા નાથ, હતા મુનિ પંચ શત સાથ ।
કરી પૂજા ઘેર પધરાવી, સારી સેવા કરી મનભાવી ॥૩૭॥
લીધો લોચન ભરીને લાવો, જાણ્યું આવો નાવે ફરી દાવો ।
તિયાં નાથ રહ્યા નવ દન, દીધાં બહુ જીવને દર્શન ॥૩૮॥
કરી અનેક જનનાં કાજ, ત્યાંથી પાછા પધાર્યા મહારાજ ।
તેને વીતિ ગયા બહુ દન, થયું અરદેશરને સ્વપ્ન ॥૩૯॥
દીઠા સહજાનંદ સુખકારી, અતિ તેજોમય મૂર્તિ ભારી ।
લાગ્યો લળીલળી વળી પાય, નિર્ખિ નયણાં તૃપ્ત ન થાય ॥૪૦॥
પછી નાથ કુંકુમ લઈ લાલ, કર્યો ચંદ્ર અરદેશર ભાલ ।

કહ્યું સવારે તને રાજન, દેશે મોટ્યપ માનજ્યે મન ॥૪૧॥
એમ કહી પધાર્યા દયાળ, જાગ્યો અરદેશર તતકાલ ।
લઈ દર્પણ ને મુખ દેખ્યું, દિઠો ચાંદલો આશ્ચર્ય લેખ્યું ॥૪૨॥
થયું કહ્યું હતું તે મહારાજે, આપી શહેર સુબાગરી રાજે ।
જેજે કહિતી સ્વપને વાત, તેતો સવારે થઈ સાક્ષાત ॥૪૩॥
પામ્યો પરચો આશ્ચર્ય લેખ્યો, ભાલમાં ચંદ્ર પ્રકટ દેખ્યો ।
એવાં એવાં આ સમે મહારાજ, કરે છે જનનાં બહુ કાજ ॥૪૪॥
**વળી** ભકત એક ભગુનામ, તેને જાણે તે સઘળું ગામ ।
લીયે પારકી વઢવેડ્ય વેંચાતિ, કરે નિત્ય કમાણી તેમાંથી ॥૪૫॥
કહે સહુ છે કજીયાદાર, મુવા પછી જાશે જમદ્વાર ।
પણ ભગુને ભરોસો ભારી, નાથ નહિ જુવે કરણી મારી ॥૪૬॥
લોભી લંપટી છું હું હરામી, પણ નહિ તજે મુજને સ્વામી ।
એવો ખરો વિશ્વાસ તે દલે, ન ભજે બીજાને કોઈ પળે ॥૪૭॥
એમ વીતિ ગયા બહુદન, આવી અવધિ તજીયું તન ।
આવ્યા તેડવા પોત્યે મહારાજ, લાવ્યા રથ એક ભગુકાજ ॥૪૮॥
તેણે હસ્તિ જુત્યા જન જોઈ, પામ્યા આશ્ચર્ય તે સહુ કોઈ ।
કહે માંહો માંહિ એમ મળી, આવી વાત ન દિઠી સાંભળી ॥૪૯॥
હસ્તિ રથ દિઠો દ્રગે આજ, ચાલ્યા ભગુને તેડી મહારાજ ।
હુવાં દર્શન જન બહુને, થયો પરચો જણાણું સહુને ॥૫૦॥
એવા એ શહેરમાંહી અનેક, થાય પરચા ન લખાય છેક ।
સર્વે લખતાં ન આવે પાર, કહે નિષ્કુળાનંદ નિરધાર ॥૫૧॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદ મુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીજીમહારાજે હરિજનને પરચા પૂર્યા એ નામે એકસો ને એકાવનમું પ્રકરણમ્ ॥૧૫૧॥